# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12/09/2025** **Morning : 7.10 to 7.20**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે બનાસકાંઠામાં સરકાર પૂરગ્રસ્તોની પડખે હોવાનો વિશ્વાસ અપાવ્યો.**
2. **કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ યુવા પેઢીને સરદાર પટેલના આદર્શોમાંથી પ્રેરણા લેવા અનુરોધ કર્યો.**
3. **ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, રાજ્યના 80 ટકા લોકોનું વન નેશન વન ઇલેક્શનને સમર્થન.**
4. **અમૂલ ડેરીના નિયામક મંડળની ચૂંટણી અંતર્ગત આજે મતગણતરી.**
5. **ત્રણ દિવસ બાદ રાજ્યમાં ભારે વરસાદની આગાહી.**

------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# CM BANASKANTHA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ બનાસકાંઠામાં ભારે વરસાદથી પ્રભાવિત સરહદી ગામોની મુલાકાત લીધી હતી. તેમણે વાવ ખાતે રાત્રિ રોકાણ કરી ગ્રામજનો સાથે વાતચીત કરી હતી.

શ્રી પટેલે ગઇકાલે સુઈગામ સામૂહિક આરોગ્ય કેન્દ્રના આશ્રય સ્થાનમાં પૂરગ્રસ્તો સાથે વાતચીત કરીને તેમને અપાતી સગવડ તેમજ પૂરથી થયેલા નુકસાનની વિગતો જાણી હતી અને સરકાર આ પૂરની પરિસ્થિતિમાં તેમની પડખે હોવાનો વિશ્વાસ અપાવ્યો હતો.

સાંભળીએ એક અહેવાલ.......

## (વોઇસ કાસ્ટ: નીકીતા શાહ)

*મુખ્યમંત્રીએ પુરગ્રસ્તોને કેસ ડોલ્સની ચુકવણી શરૂ કરી દેવા અને ઘરવખરી સહાય ચૂકવવામાં એસ.ઓ.પી બનાવીને તે મુજબની સહાય ચૂકવવા દિશાનિર્દેશો આપ્યા. પશુધન મૃત્યુના કિસ્સામાં સહાયની ચુકવણી વેટર્નરી ઓફિસર દ્વારા ખરાઈ કરીને ચૂકવાય તે માટે સૂચનાઓ આપી. સુઈગામ સહિતના સરહદી ગામોમાં કનેક્ટિવિટી પૂર્વવત કરવાના આયોજનને અગ્રતા આપવા પણ તેમણે વહીવટી તંત્રને જણાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ પૂરની આવી સ્થિતી વારંવાર ન સર્જાય તે માટે લાંબાગાળાના નિવારણ આયોજનની આવશ્યક્તા સમજાવી હતી.*

*(નીકીતા શાહ, આકાશવાણી સમાચાર અમદાવાદ)*

# MANDVIYA RAJKOT

કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ યુવા પેઢીને સરદાર પટેલના આદર્શોમાંથી પ્રેરણા લેવા અનુરોધ કર્યો.

રાજકોટમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મ જયંતીની ઉજવણી નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં તેમણે જણાવ્યુ કે યુવાનો સરદાર પટેલના સિદ્ધાંતો પર ચાલે તો સરકારનું 2047 સુધી વિકસિત ભારતનું સ્વપ્ન હકીકત બની શકે છે.

રાજકોટના પ્રવાસ દરમિયાન તેમણે રાષ્ટ્રીય યુવા સંમેલન, ગ્રીન એનર્જી પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યું તેમજ મેટોડા ખાતે શ્રી રામ એરોસ્પેસ એન્ડ ડિફેન્સ ફેક્ટરીની પણ મુલાકાત લીધી હતી.

# SANGHAVI ONE NATION ONE ELECTION

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, રાજ્યના 80 ટકા લોકો વન નેશન વન ઇલેક્શનને સમર્થન આપે છે. અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી ખાતે દિગ્વિજય દિન અંતર્ગત યોજાયેલા પૂર્વ વિદ્યાર્થી નેતા સંમેલનમાં શ્રી સંઘવી આ મુજબ જણાવ્યુ હતું.

(બાઇટ : હર્ષ સંઘવી, ગૃહ રાજ્યમંત્રી)

આ પ્રસંગે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ ઉત્તર પ્રદેશના સાંસદ સુરેન્દ્રસિંહ નાગર પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષ પ્રશાંત કોરાટ ઉપસ્થિત રહ્યા હતા.

## TOBACCO BAN

રાજ્ય સરકાર દ્વારા ગુજરાતમાં ગુટકા તેમજ તમાકુ કે નિકોટીન યુક્ત પાન-મસાલા વેચાણ, સંગ્રહ અને વિતરણ પર વધુ એક વર્ષનો પ્રતિબંધ લગાવાયો છે. રાજ્યમાં ગુટકા, તમાકુ કે નિકોટીન યુક્ત પાન-મસાલાના વેચાણ, સંગ્રહ અને વિતરણ ઉપર ફુડ સેફટી સ્ટાન્ડર્ડ એકટ-2006 અન્વયેના નિયમો તથા તેના રેગ્યુલેશન -2011 હેઠળ આવતીકાલથી વધુ એક વર્ષ માટે પ્રતિબંધ મૂકાશે, તેમ ખાદ્ય સુરક્ષા કમિશનરની યાદીમાં જણાવાયું છે.

તેમાં વધુમાં જણાવાયું કે, કોઈ પણ ખાદ્યચીજમાં તમાકુ કે નિકોટીન ઉમેરવું એ પ્રતિબંધિત છે. આમ ગુટકામાં તમાકુ કે નિકોટીનની હાજરી હોવાથી માનવ આરોગ્યને ખૂબ જ હાનિ પહોચે છે. જેથી વર્તમાન તેમજ ભવિષ્યની પેઢીના સ્વાસ્થ્યને નુકસાનકારક ગુટકા પર કાયદા અન્વયે પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

## ANAND KRUSHI UNIVERSITY

આણંદ કૃષિ વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીએ પ્લાસ્ટિક પ્રદૂષણ અટકાવવા વિશેષ પ્રોજેકટ રજૂ કર્યો છે, જેમાં દાડમની છાલમાંથી ઇકોફ્રેન્ડલી પ્લાસ્ટીકની કોથળીઓ બનાવવામાં આવી છે.

**સરદાર પટેલ વિશ્વવિદ્યાલયના દ્વારા યોજાયેલી બેઠકમાં આ પ્રોજેકટ સહિત પાંચ પ્રોજેકટ રજૂ કરવામાં આવ્યા હતા. જેને નિષ્ણાંત સમિતિએ ટેકનિકલ શક્યતા, બજાર સામર્થ્ય, સામાજિક પ્રભાવ અને અમલીકરણ સમય રેખા જેવા માપદંડોથી મૂલ્યાંકન કરી પાંચ પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી હતી.**

**આ અંગે વિશેષ પ્રોજેકટ રજૂ કરનાર વિદ્યાર્થી કૃણાલ છાભૈયાએ વધુ માહિતી આપી.**

(બાઇટ : કૃણાલ છાભૈયા, વિદ્યાર્થી)

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

ગોન્ગ મ્યુઝિક

………………………………

# AMUL DAIRY ELECTION

અમૂલ ડેરીના નિયામક મંડળની ચૂંટણીની આજે મતગણતરી થશે. આ ચૂંટણીમાં સરેરાશ 97.48 ટકા મતદાન થયું હતું, જેમાં ખંભાત, બોરસદ, કઠલાલ અને કપડવંજ બેઠક પર 100 ટકા મતદાન નોંધાયું હતું.

આ ચૂંટણીમાં મતદાર વિભાગ એકની બાર બેઠક પૈકી ઠાસરા, મહેમદાવાદ, બાલાસિનોર અને વિરપુર એમ ચાર બેઠક બિનહરીફ જાહેર થઈ હતી, જેથી અન્ય આઠ બેઠક અને મતદાર વિભાગ બેમાં આજીવન વ્યક્તિ સભાસદની એક મળીને કુલ નવ બેઠક પર મતદાન થયું હતું.

# WEATHER FORECAST

રાજ્યમાં હાલ વરસાદે વિરામ લીધો છે. જોકે ત્રણ દિવસ બાદ રાજ્યમાં ભારે વરસાદની આગાહી છે. 14 સપ્ટેમ્બરે સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી અને દમણ, દાદરા અને નગર હવેલીમાં અલગ-અલગ સ્થળોએ ભારે વરસાદની સંભાવના છે.

ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં વરસાદનું જોર વધશે અને છુટાછવાયા સ્થળોએ ભારે વરસાદ થવાની શક્યતા છે.

# NATIONAL COMMISSION FOR WOMEN

રાષ્ટ્રીય મહિલા આયોગના અધ્યક્ષ વિજયા રાહટકરે દિવની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેઓએ વણાંકબારા જેટી ખાતે મહિલા સંવાદ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમ અંતર્ગત શ્રી રાહટકરે માછીમારી મહિલાઓના જીવન અને તેમના સંઘર્ષો અંગેનો વિડીયો નિહાળ્યો હતો.

100થી વધુ સ્વસહાય જુથની બહેનોને સંબોધન કરતાં શ્રી રાહટકરે દરેક મહિલાને સરકારની તમામ યોજનાઓનો લાભ મળે તે અંગે જાગૃતિ ફેલાવવા પર ભાર મૂક્યો.

## (બાઇટ: વિજયા રાહટકર)

# BHARUCH ACCIDENT

ભરૂચના દયાદરા-કેલોદ માર્ગ પર બે બાઇક વચ્ચેના અકસ્માતમાં બે લોકોના મોત થયા. અમારા પ્રતિનિધિ વાહીદ મશહદી જણાવે છે કે, બંને બાઇક સામસામે અથડાતાં બંને ચાલકો બાઇક પરથી ફંગોળાઈને દૂર પટકાયા હતા.

આ અકસ્માતમાં ગંભીર ઈજાઓ થવાને કારણે બંને યુવકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. ઘટનાની જાણ થતાં જ એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે પહોંચી મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યા હતા.

# PATAN KABADDI

પાટણની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી દ્વારા આંતર કોલેજ કબડી સ્પર્ધા યોજાઇ. આ ત્રણ દિવસીય સ્પર્ધામાં પાંચ જિલ્લાની ભાઈઓ અને બહેનોની 80થી વધુ ટીમે ભાગ લીધો છે.

આજે બહેનોની કબડી સ્પર્ધા યોજાશે, જેમાં 32 ટીમ ભાગ લેશે. આ સ્પર્ધામાં ખેલાડીઓની પસંદગી થશે અને તે વિજેતા ખેલાડીઓ વેસ્ટ ઝોન અને ઇન્ટર યુનિવર્સિટી કક્ષાએ ભાગ લેશે.

# NIFT CONVOCATION

ગાંધીનગર સ્થિત નેશનલ ઇન્સ્ટિટ્યુટ ઑફ ફેશન ટેક્નોલૉજી ખાતે મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ જયંતિ રવિની અધ્યક્ષતામાં પદવીદાન સમારોહ યોજાયો. સમારોહમાં 173 વિદ્યાર્થીઓને સ્નાતક અને 68 વિદ્યાર્થીઓને માસ્ટર ડિગ્રી મળીને કુલ 241 વિદ્યાર્થીઓએ પદવી એનાયત કરવામાં આવી.